આવતીકાલે મોટેરા સ્ટેડિયમનું રાષ્ટ્રપતિના હસ્તે ઉદ્ઘાટન

૧.૧૦ લાખ પ્રેક્ષકો બેસવાની ક્ષમતા સાથે વિશ્વનું સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ગૌરવ મોટેરાને

હવે મેલબોર્ન નહીં, મોટેરા બન્યું છે વર્લ્ડ નંબરવન. ક્રિકેટ વિશ્વનું સૌથી મોટું અમદાવાદના સાબરમતી ખાતે આવેલું, મોટેરા સ્ટેડિયમ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેચ માટે નવા શણગાર અને નવીનતમ સુવિધાઓ સાથે સજ્જ થયું છે. આગામી ૨૪ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની ખાસ ઉપસ્થિતિમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ આ સ્ટેડિયમનું વિધિવત ઉદ્ઘાટન કરશે ત્યારે રાજય સહિત દેશભરમાં ઉત્સવનો માહોલ સર્જાશે.

અમદાવાદનું સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ૬૩ એકર જમીનમાં પથરાયેલું છે, જેમા ૧.૧૦ લાખ લોકોની બેસવાની ક્ષમતા છે. વર્તમાનમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ મેલબોર્નનું છે. જેમાં એક સાથે ૯૦,૦૦૦ લોકો બેસી શકે છે. ગુજરાતમાં બનેલી વિશ્વની સૌથી મોટી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બાદ હવે રાજ્ય ક્રિકેટમાં વિશ્વનાં સૌથી મોટા સ્ટેડિયમનો રેકોર્ડ બનાવવા જઈ રહ્યું છે. અંદાજિત

રૂ. ૮૦૦ કરોડનાં ખર્ચે નિર્માણ પામેલ આ સ્ટેડિયમની સુંદરતા બેનમૂન છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અત્યંત ટૂંકા ગાળા ૫ વર્ષમાં નિર્માણ કરનારી લાર્સન એન્ડ ટુર્બો (એલ એન્ડ ટી) કંપની દ્વારા આ સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સમા આ સ્ટેડિયમના પરિસરમાં ૭૬ કોર્પોરેટ બોક્ષ, ઓલિમ્પિક સાઈઝનો સ્વીમીંગ પુલ, ઈન્ડોર એકેડેમી, ખેલાડીઓ માટે ચાર ડ્રેસિંગ રૂમ્સ, ફૂડ કોર્ટ તથા જી.સી.એ. ક્લબ હાઉસ પણ તૈયાર કરાયું છે.

સ્ટેડિયમમાં છ લાલ અને પાંચ કાળી માટીની કુલ ૧૧ પીચ તૈયાર કરાઈ છે. મુખ્ય અને પ્રેક્ટીસ પીચ માટે બંને પ્રકારની માટીનો ઉપયોગ કરાયો હોય એવું આ પ્રથમ સ્ટેડિયમ છે. વરસાદની સ્થિતિમાં માત્ર ૩૦ મીનીટમાં જ પીચ સૂકાઈ જાય એવી વ્યવસ્થા છે. અત્યાધુનિક ન્ઈઢ ફ્લડલાઈટસ વાતાવરણને ગરમ નહિ કરે અને ક્રિકેટરો સાથે પ્રેક્ષકોને પણ રાહત થશે. આ સ્ટેડિયમની એક નવીન વિશેષતા એ છે કે નવ મીટરની ઊંચાઈનું ૩૬૦ ડિગ્રી પોડિયમ કોનકોર્સ પ્રેક્ષકોની અવરજવરને તો સરળ બનાવે છે જ, સાથે સાથે કોઈ પણ સ્ટેન્ડમાંથી મેચ નિહાળનારને એક સમાન વ્યૂ મળી રહે છે. જે કોર્પોરેટ બોક્ષ તૈયાર કરાયા છે તેમાં પ્રત્યેકની બેઠક ક્ષમતા ૨૫ ની છે. ૧૫૦ ટનના એરકુલીંગ ટાવર્સ સ્ટેડિયમનો ક્લોઝ ઈન ભાગ સેન્ટ્રલી એરકન્ડીશન્ડ રાખશે. બંન્ને ટીમના ખેલાડીઓની જરૂરીયાત મુજબ વિશાળ ડ્રેસિંગ રૂમ બનાવવામાં બનાવ્યા છે. બંને ટીમ માટે અલગ અલગ અત્યાધુનિક જિમ બનાવાયા છે. ખેલાડીઓ અને વી.આઈ.પી. પ્રવેશ પાસે ખાસ લોન્જ બનાવવામાં આવી છે. ઓટોગ્રાફ ગેલેરીમા સ્ટેડિયમમાં અત્યાર સુધી રમાયેલ આઈ.પી.એલ. અને વર્લ્ડ કપની મેચોની ટીમોના ખેલાડીઓના ઓટોગ્રાફવાળા બેટનું કલેક્શન આકર્ષણનું કેન્દ્ર છે. વિશ્વના નામાંકિત ક્રિકેટરોની તસવીરો સાથેનું "હોલ ઓફ ફેમ" સ્ટેડિયમનું એક નજરાણું છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬માં મોટેરા સ્ટેડિયમને તોડી પાડવામાં આવ્યું ત્યારે મોટેરા સ્ટેડિયમની દર્શક ક્ષમતા ૫૪,૦૦૦ હતી. ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા નવું અને અત્યાધુનિક અને સંપૂર્ણ સુવિધાયુક્ત સ્ટેડિયમ બનાવવા માટે જાન્યુઆરી, ૨૦૧૮માં નવા સ્ટેડિયમનો પાયો નાખવામાં આવ્યો હતો. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તૈયાર થયેલું આ સ્ટેડિયમ ગુજરાતની યશકલગીમાં એક વધુ પીછું બની રહ્યું છે.

સમાચાર રફતાર

- મહારાષ્ટ્રમાં કોરોના બેકાબુ થતા હાહાકાર : નાગપુરમાં સ્કૂલો બંધ કરાઈ
- રાજકોટમાં કોંગ્રેસે સ્ટ્રોંગરૂમમાં નમો વાઈફાઈ પકડાતુ હોવાની રજુઆત કરી ઈવીએમ સુરક્ષિત ન હોવાનુ જણાવ્યુ.
- આવતીકાલે ૧૦ વાગે કેન્દ્રિય કેબીનેટની બેઠક.
- શેરબજારમાં ૧૧૬૬ પોઈન્ટનો કડાકો.
- દાદરાનગર હવેલીના સાંસદ મોહન ડેલકરે મુંબઈની હોટલમાં ગળે ફાંસો ખાધો.
- તેલુગુ કવી વારાવારા રાવને તબીબી કારણોસર જામીન મંજૂર.
- મહારાષ્ટ્રના કેબીનેટ મંત્રી છગન ભુજબળનો કોરોના રીપોર્ટ પોઝીટીવ.
- કોડીનારમાં આરએસએસના કાર્યકર પર હુમલો, સામસામે ફરીયાદ.
- સોમનાથ મંદિરનો પ્રસાદ પોસ્ટ દ્વારા ઘરે બેઠા મળશે.
- લોકડાઉનમાં બંધ થયેલ બાન્દ્રા-સાવરકુંડલા-મહુવા ટ્રેન ૨૬મીથી પુનઃ શરૂ થશે.
- અયોધ્યામાં ૧૦૧ કરોડના ખર્ચે મર્યાદા પુરૂષોત્તમ એરપોર્ટનું નિર્માણ કરાશે.
- વિદેશથી ભારત આવનારા યાત્રિકોને ડેકલેરેશન ફોર્મ સાથે આરટીપીસીઆર નેગેટીવનો રીપોર્ટ અપલોડ કરવાનો રહેશે.
- કાર્તિ ચિદમ્બરમને સુપ્રિમ કોર્ટે વિદેશ જવાની મંજૂરી આપી.
- પોડીંચેરીમાં કોંગ્રેસની સરકારનો પરાજય.
- અમરાવતીમાં એક અઠવાડિયાનું સંપૂર્ણ લોકડાઉન.
- મેક્સિકોમાં પ્લેન ક્રેશ થતાં સેનાના છ જવાન શહીદ.
- બિહારના કટીહારમાં ગોઝારા માર્ગ અકસ્માતમાં ચારના મોત.
- રાહુલ ગાંધી કેરળના વાયનાડમાં ટ્રેક્ટર રેલીમાં ભાગ લેશે.
- રાજસ્થાનના બીકાનેરમાં ભારત અમેરિકાનો ૧૬મો યુદ્ધાભ્યાસ ચાલી રહ્યો છે.

મહાપાલિકાની ચૂંટણીના નબળા મતદાનથી રાજકીય પક્ષોની ઉંઘ હરામ

બાયડ, તા. ૨૨

રવિવારે રાજ્યમાં ૬ મનપામાં નિરસ મતદાનથી મુખ્ય રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ છે. તા. ૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત મુદત પૂર્ણ કરતી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવાની છે. જિલ્લામાં કોરોના ફરી બે લગામ બન્યો છે ત્યારે મહાપાલિકા ચૂંટણીને જેમ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત-નગરપાલિકામાં નબળુ મતદાન થશે તો !! ભાજપા-કોંગ્રેસ માટે આ ચિંતાનો વિષય બન્યો છે. જ્યારે મતદાન સ્લીપ મતદારોને ચૂંટણી પંચ આપવાની નથી તેથી મોટો ગુંચવાડો ઉભો થવાની દહેશત છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓછુ મતદાન ભાજપા-કોંગ્રેસ માટે ચિંતાનો વિષય : મતદાન સ્લીપ મતદારોને આપવાની નથી તેથી ગુંચવાડો ઉભો થયો !!

પ્રજાને બધા હક્ક, લાભ જોઈએ છે પરંતુ સારા પ્રતિનિધિને ચૂંટણીમાં ચૂંટી કાઢવા મતદાન કરવા આવવું હોય તો સમય નથી. સરકારે ફરજીયાત મતદાનનો કાયદો અમલી બનાવવાની જરૂર છે. તેવી વ્યાપક માંગ છતાં છેલ્લી ઘડીએ બધુ ભુલાઈ જાય છે. તા. ૨૧ ફેબ્રુઆરીએ મહાનગરપાલિકાની ચૂંટણીમાં શહેરી મતદારોની મતદાન પ્રત્યેની બેદરકારી ધ્યાને આવી. શિક્ષિત મતદારોએ જ ઓછુ મતદાન કર્યાના રીપોર્ટ છે. ક્યાંક કોરોનાનું અતિ ક્રમણ નડ્યુ છે ક્યાંક મોંઘવારી નડી છે. કોઈકને ઉમેદવારો ગમ્યા નથી. પરંતુ તે બધામાં લોકશાહી ઉપર જ ખતરો મંડાયો છે. તા. ૨૮ ફેબ્રુઆરીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત ૧૪ તાલુકા પંચાયત, ૪ નગરપાલિકાની ચૂંટણીમાં ૧૮ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સરેરાશ ૬૦ થી ૭૫ ટકા મતદાન થયુ તો જ કોણ કેટલુ પાણીમાં છે તે જણાઈ આવે. પરંતુ જે રીતે જ્યા કોંગ્રેસ અન્ય પક્ષના ઉમેદવારો પોતાના મત વિસ્તારમાં પ્રચાર કરવા જાય છે ત્યાં નબળો પ્રતિસાદ મળે છે. અનેક પરિવારના મતદારો બહાર અભ્યાસે કે નોકરી કરતા હોય છે તે મતદાન કરવા ન પણ આવે તેવા જવાબ પણ મળે છે. આ બધી સ્થિતિમાં જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કંગાળ ૫૫ થી ૬૫ ટકા મતદાન થાય તો પણ ભાજપા-કોંગ્રેસનું ગણિત ઉધુ પડી શકે છે. ભાજપા દ્વારા સર્વાધિક મતદાન પોતાના વિસ્તારમાં થાય તે માટે સંગઠન હોદ્દેદારો, કાર્યકરોને ખાસ તાકીદ કરવામાં આવી છે. જ્યારે અનેક સેવાભાવી સંસ્થાઓએ પણ પ્રજાને લોકશાહી પર્વને સફળ બનાવવા અવશ્ય મતદાન કરવાની જાહેર અપીલ શરૂ કરી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વધુ ને વધુ મતદાન કરવા પ્રેરાય તે માટે મતદાતા જાગૃતિ અભિયાન સાઠંબાથી પોશીના સુધીના વિસ્તારમાં શરૂ થયા છે જેમાં શિક્ષણ વિભાગની કામગીરી સર્વશ્રેષ્ઠ જોવા મળી છે.

દાંતીવાડાના ડાંગીયામાં પતિએ પત્નીને માર માર્યો

દાંતીવાડા તાલુકાના ડાંગીયા ગામે પતિએ પરીણિતાના વાળ ખેંચી ગડદાપાટુનો માર મારતાં ફરીયાદ નોંધાઈ છે. પંથકની યુવતિના લગ્ન પાંચેક વર્ષ પહેલાં દાંતીવાડાના યુવક સાથે થયા બાદ તે પ્રથમ સારૂ રાખતાં હતા. જે બાદમાં અવાર-નવાર કામને લઈ ઝઘડાં કરતાં હોઈ પરીણિતા કંટાળીને તેના પિયર જતી રહી હતી. જે બાદમાં પરિવારની સમજાવટથી પરીણિતાના પોતાના સાસરે પરત આવી હતી. આ દરમ્યાન ગઈકાલે બપોરના સમયે તેના પતિએ ખેતરમાં કામ કરવા બાબતે ગાળાગાળી પરીણિતાના વાળ ખેંચી તેને ગડદાપાટુનો માર માર્યો હતો. જેને લઈ પરીણિતાએ તેના પતિ સામે દાંતીવાડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા પંથકની યુવતિના લગ્ન ડાંગીયા ગામના શામળભાઈ ઓખાભાઈ ચૌધરી(ગુડોલ) સાથે પાંચેક વર્ષ પહેલાં થયા હતા. જે બાદમાં પ્રથમ સારૂ રાખ્યા બાદ તેમનો પતિ શામળભાઈ અને સાસુ ભીખીબેન ગમે તે બહાને ઝઘડો કરી શારીરિક અને માનસિંક ત્રાસ આપતાં હતા. જેથી કંટાળી પરીણિતા પોતાના પિયર જતી રહી હતી. આ તરફ પરીણિતાના માતા-પિતા અને મોટાબાપાએ સમજાવી ઘરસંસાર ન બગડે તે માટે તેને પરત સાસરી ડાંગીયા મોકલી હતી.

રેંજ આઈજી અભય ચુડાસમા અરવલ્લીમાં

એલસીબીના દારૂકાંડના પગલે ખાખીને દાગ લાગતા એસપી સાથે બેઠક કરી કેસની માહીતી લીધી

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે ગેરકાયદેસર દારૂના વેપલામાં રહેલા અધધ નફાની આંધળી કમાણીમાં ખુદ ખાખી જ બુટલેગર બની હોવાના અનેક કિસ્સાઓ રાજ્યમાં સતત બહાર આવી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ તો દારૂબંધીની અમલવારીના બદલે જાતે જ દારૂનો વેપલો કરતા હોવાથી જેલની હવા ખાવાનો વારો આવ્યો હોવા છતાં નોકરીના ભોગે બુટલેગરો સાથે ભાઈબંધી નીભાવી રહ્યા છે શુક્રવારે અરવલ્લી એલસીબી જ કારમાં દારૂ વેચવા નીકળી હોવાનો પર્દાફાશ થતા સમગ્ર રાજ્યમાં ચકચાર મચી હતી રેંજ આઈજી અભય ચુડાસમાએ અરવલ્લી દારૂ કાંડની તપાસ અંગે સીટની રચના કરી સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશીને સોંપ્યા બાદ ખુદ રેંજ આઈજી અભય ચુડાસમા અરવલ્લી પોલીસભવનમાં દોડી આવ્યા હતા અને જીલ્લા એસપી સંજય ખરાત અને પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી બીજીબાજુ પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત ચૂંટણી અનુસંધાને રેંજ આઈજી અભય ચુડાસમાએ મુલાકાત કરી હોવાનું જણાવ્યું હતુ.

શુક્રવારે ગાજણ નજીકથી ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી લીધા પછી કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે

એલસીબીને જ દારૂ વેચવાનો શોખ જાગ્યો હતો મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઝડપાયેલ દારૂ રૂરલ પોલીસ સ્ટેશન લઈ જવાને બદલે એલસીબી કચેરી ખાતે લાવી કેટલીક પેટીઓ ઓફીસની જુદીજુદી રૂમોમાં ઉતારી અને કેટલીક ખાનગી નંબર વગરની પણ વહીવટદારની કારમાં ભરી પહોંચાડવા તજવીજ હાથ ધરી.પરંતુ પાપનો ઘડો છલકાયો હોય એમ કાર પલ્ટી અને મોટું રેકેટ ઝપાડયું હતું જેમાં એલસીબી પીઆઈ આર કે પરમાર,વહીવટદાર શાહરુખ અને ૩ પોલીસકર્મી સામે ગુન્હો નોંધાયો હતો એસપી સંજય ખરાતે ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા હતા જ્યારે પીઆઈ આર કે પરમાર,પોલીસ કર્મી અતુલ ભરવાડ અને વહીવટદાર શાહરુખ પોલીસ પકડથી દૂર છે રેન્જ આઈજી અભય ચુડાસમાએ સોમવારે અરવલ્લી એસપી કચેરીમાં આવેલ એલસીબી ઓફિસની મુલાકાત લીધી હતી અને અરવલ્લી એસપી તેમજ જીલ્લાના પોલીસ અધિકારીઓ સમગ્ર તપાસ અને દિશાનિર્દેશ આપી ઝીણવટભરી તપાસના આદેશ આપ્યા હતા.

મહીલા અધિકારીના રાજમાં મહીલા કર્મી અસલામત

બાયડ, તા. ૨૨

બાયડ તાલુકા પંચાયત મિશન મંગલમ યોજનાના અધિકારીએ સાથે મહીલા કર્મચારી ઉપર હાથ ઉપાડવાની કોશિશ કરતાં સમગ્ર તાલુકા પંચાયત કચેરીમાં સનસનાટી મચી છે. એવા તે કયા ભાગબટાઈના હિસાબોમાં મડાગાંઠા સર્જાઈ છે જેથી છાશવારે મિશન મંગલમ યોજના ચર્ચામાં છે. મહીલા તાલુકા વિકાસ અધિકારી આવા ગંભીર બનાવ બાબતે કેમ ઠોસ કાર્યવાહી કરતા નથી તેવા પણ સવાલ ઉઠ્યા છે.

બાયડ તાલુકા પંચાયત કચેરીમાં ભ્રષ્ટાચારનો સડો દૂર દૂર સુધી દુર્ગંધ ફેલાવી રહ્યો છે. પરંતુ તાબાના અધિકારીનો કોઈના ઉપર અંકુશ જ ન હોય તેવી સ્થિતિથી ટી.એલ.એમ. અધિકારીના એક પછી એક કરતૂત સામે આવતા હોવા છતાં ડીડીઓ, નિયામક તથા ખુદ ટીડીઓ પણ પગલાં ભરતાં ડર અનુભવી રહ્યા છે. જેનાથી લાગે છે કે ભ્રષ્ટાચારની ગંગોત્રી બહાર પડે તો અનેક કચેરીમાં ધુમાડા પ્રસરી શકે છે. તાજેતરમાં જ મિશન મંગલમ યોજનાની પુરૂષ અધિકારીએ સાથી મહીલા કર્મચારી ઉપર હાથ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે તો હદ વટી ગઈ. કચેરીમાં સી.સી. ટીવી કેમેરા હોય તો મહીલા ટીડીઓએ તપાસ કરાવી મહીલા કર્મચારીની ફરીયાદમાં તથ્ય છે કે પછી પોતાનુ કૌભાંડ દબાવવા નવા પેચ શરૂ કર્યા છે તે પણ જાણી શકાય. ટૂંકમાં ડીડીઓ બાયડ તાલુકા પંચાયતમાં ચાલતી યાદવાસ્થળી ઉપર અંકુશ નહી મુકે તો એક દિવસ માર્ગો ઉપર કર્મચારીઓ બાખડતા હશે તે દિવસો દૂર નથી !!

ઠેર ઠેર જાકારો મળતાં હાર ભાળી ગયેલી કોંગ્રેસ રઘવાયી થઈ !!

બાયડ પાલિકામાં ભાજપાના પોસ્ટર ફાડતાં મામલો ઉગ્ર : કોંગ્રેસ હતાશ થઈ છે : શહેર ભાજપા સંગઠન પ્રમુખ

બાયડ, તા. ૨૨

બાયડ નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસને ઠેર ઠેર જાકારો અને નબળો પ્રતિશાદ મળતાં હાર ભાળી ગેલી કોંગ્રેસ રઘવાઈ થઈ છે. ગત રાત્રે ભાજપાના ચૂંટણી પ્રચારના કેટલા

બેનર કોંગ્રેસના કાર્યકરોએ ફાડી નાખતાં મોડી રાત્રે મામલો બિચક્યો હતો. પરંતુ શહેર સંગઠન પ્રમુખ સ્નેહલ પટેલ તથા ભાજપાના કાર્યરોએ સૌને સંયમમાં રહેવાનુ જણાવતાં મામલો શાંત રહ્યો હતો. કોંગ્રેસ હતાશ થઈ છે, મતદાન અગાઉ જ કોંગ્રેસ પોતાનો પરાજય સ્વીકારી ચુકી છે તેમ શહેર ભાજપા સંગઠન પ્રમુખે જણાવી પ્રજામાં-મતદારોમાં ડર ઉભો કરનારી કોંગ્રેસના બાયડ પાલિકા વિસ્તારના ૧૪૦૦૦ મતદારો ઓળખી ચૂક્યા છે તેમ જણાવ્યુ છે.

ભાગ બટાઈ માટે કોંગ્રેસમાં ભળી ચૂંટણી લડનારાઓને બાયડ પાલિકાના શાણા મતદારો ઓળખી ગયા છે. જ્યારે ભાજપ દ્વારા સ્વચ્છ, પ્રમાણિક છબી ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારતાં કોંગ્રેસના પેટમાં હારની આગ લાગી છે. છેલ્લા ૨ દિવસથી બાયડના વિવિધ વિસ્તારોમાં ભાજપાના ઉમેદવારો તથા શહેર સંગઠન પ્રમુખના બોર્ડ લગાવવામાં આવ્યા છે ત્યારે રાત્રે દારૂ પી ને છાકટા બનેલા કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ ભાજપ સંગઠન પ્રમુખના પોસ્ટર ફાડતાં ઘટનાની જાણ થતા બસ સ્ટેશન તથા જૂના બસ સ્ટેશન, ગામના ૫૦૦ ભાજપાના કાર્યકરો ગાયત્રી મંદિર નજીક રાત્રે એકઠા થયા હતા અને કોંગ્રેસ પ્રેરીત કૃત્યને સભ્ય શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યુ હતુ. ભાજપાના ઉગ્ર મિજાજી કાર્યકરોએ કોંગ્રેસના પોસ્ટર ફાડવાનો વિચાર કરતાં સંયમી ભાજપાના આગેવાનોએ કોંગ્રેસની માનસિકતા આપને ન અપનાવી શકીએ તેમ જણાવી કાર્યકરોના રોષને શાંત પાડ્યો હતો. ભાજપાના આગેવાન ભલુભાઈ પટેલે ચૂંટણી અધિકારી તથા પોલીસને મળીને રાત્રી દરમ્યાન સીસી ટીવી કેમેરા ચેક કરી ભાજપાના પોસ્ટર ફાડનાર, દારૂ પી ને ઉત્પાત સર્જનાર કોંગ્રેસના કાર્યકરો સામે પગલાં ભરવા મૌખિક રજૂઆત કરી છે.

કચેરી બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે ટેન્ડર આખરી થયા બાદ આગળની પ્રક્રીયાના અંતે કામ પણ શરૂ કરી દેવાશે. આગામી ૧૧ મહીનામાં નગરમાં નવી પ્રાંત કચેરીના બિલ્ડીંગનુ કામ પુર્ણ કરી દેવાશે. જો કે ટેન્ડર પ્રક્રીયાના અંતે હજુ કામ શરૂ કરવાનો નિર્ણય લેવાયો નથી.

અરવલ્લીમાં "હોળી" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "હોળી" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાનાર છે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩"ટ ૧૧.૭") ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૧૫ માર્ચ ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા. ૨૭ માર્ચ ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલાભવન, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ?.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ?.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ?.૧૦,૦૦૦/ એમ ત્રણ ઇનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ?.૫,૦૦૦/- (પ્રત્યેકને) મુજન આશ્વાસન ઇનામો આપવામાં આવશે.

શેરબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો અને આ શેર ૪૪૮૭ રુપિયાની સપાટી પર બંધ થયો હતો. આ સિવાય બેંક શેર્સમાં પણ આજે જોરદાર કડાકો જોવા મળી રહ્યો છે. જેમાં ઈન્ડસઈન્ડ બેંકમાં ૩.૯૫, એક્સિસમાં ૩.૫૪, એચડીએફસીમાં ૨.૯૪, એસબીઆઈમાં ૨.૭૯ ટકાના ઘટાડાનો સમાવેશ થાય છે. રિલાયન્સ, બજાજ ફાઈનાન્સ, ટીસીએસમાં પણ અનુક્રમે ૩.૮૭ ટકા, ૨.૬૧ ટકા અને ૩.૭૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં બજેટ બાદ જોરદાર તેજી જોવા મળી રહી છે, અને ખાસ કરીને બેંકોના શેર્સ નવી જ ઉંચાઈ પર પહોંચ્યા છે. બજારનું હાલનું વેલ્યૂએશન ખૂબ જ ઉંચું હોવાનું જાણકારો અનેકવાર કહી ચૂક્યા છે, પરંતુ તેમાં કરેક્શન ક્યારે આવશે તે અંગે કોઈ કશુંય સ્પષ્ટ રીતે કહેવા માટે તૈયાર નથી. હાલ માર્કેટમાં ચંચળતા પણ ખૂબ જ જોવા મળી રહી હોવાથી નાના રોકાણકારોને કોઈ લોંગ પોઝિશન ના લેવા માટે પણ સલાહ આપવામાં આવી રહી છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના વધતાં કેસો અને મિની લોકડાઉન જેવી સ્થિતિ ઊભી થતાં રોકાણકારોમાં ડર જોવા મળ્યો. કારોબાર દરમિયાન સેન્સેક્સ ૧૧૫૦ પોઈન્ટથી વધુ તૂટી ૪૯૭૨ ની નીચલી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૪૬૬૭ની નીચલી સપાટીએ પહોંચ્યો. બીજી બાજુ એક્સપર્ટ્સ માની રહ્યાં છે કે, એશિયાના અન્ય બજારોમાંથી પણ કોઈ ઉત્સાહજનક સંકેત નહીં મળતાં બજારમાં દબાણ વધ્યો. કારોબાર દરમિયાન મેટલ સેક્ટરને બાદ કરતાં તમામ સેક્ટર ઈન્ડેક્સમાં કડાકો જોવા મળ્યો. સૌથી વધુ કડાકો સરકારી બેંકોમાં જોવા મળ્યો.

આત્મહત્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુસાઈડ નોટ મળી આવી હોવાનું જણાવાઈ રહ્યું છે. જો કે, અત્યાર સુધી પોલીસે આ વાતની પુષ્ટિ કરી નથી. હાલ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરની ઉંમર ૫૮ વર્ષની હતી, તેઓ દાદરા અને નગર હવેલી લોકસભા વિસ્તારમાંથી સાંસદ છે. વર્ષ ૧૯૮૯માં મોહન ડેલકર પહેલી વખત આ સંસદીય વિસ્તારના સાંસદ તરીકે પસંદગી થઈ હતી. ત્યારબાદ તેઓ ઘણી વખત અહીંથી સાંસદ રહ્યા છે. મોહન ડેલકર ભારતીય નવશક્તિ પાર્ટી તરફથી સાંસદ બન્યા છે. વર્ષ ૨૦૦૯માં તેમણે કોંગ્રેસ પાર્ટી પણ જોઈન્ટ કરી લીધી હતી. જો કે, ગત લોકસભા ચૂંટણી એટલે કે ૨૦૧૯ની ચૂંટણીમાં તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા હતા.

મોહન ડેલકરે સેલ્વાસમાં ટ્રેડ યુનિયનના નેતા તરીકે પોતાના રાજકીય કરિયરની શરૂઆત કરી હતી. તે અલગ-અલગ ફેક્ટરીમાં કામ કરતા આદિવાસી લોકોના હક માટે લડતા હતા. ત્યારબાદ ૧૯૯૫માં તેમણે આદિવાસી વિકાસ સંગઠન શરુ કર્યું અને ૧૯૮૯માં તેઓ દાદરાનગર હવેલી મત વિસ્તારમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે નવમી લોકસભાની ચૂંટણી લડ્યા હતા અને તેઓ સાંસદ તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ ૧૯૯૧ અને ૧૯૯૬માં પણ તેઓ આ જ મત વિસ્તારમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડ્યા અને જીત્યા હતા.

બિનહરિફ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મારુતિ કુરિયરના માલિક રામભાઈ મોકરીયા તથા ડિસાના ભાજપના આગેવાન અને બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશ પ્રજાપતિને ઉમેદવાર બનાવ્યા હતા. રામભાઈ મૂળ પોરબંદરના વતની છે.તેમને એક દીકરી અને બે દિકરા છે. તેઓ ૧૯૭૬થી વિદ્યાર્થી પરિષદ, સંઘ પરિવાર અને વીએચપી સાથે જોડાયેલા છે. તેમને વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી રૂપાણી સાથે ખૂબ જ સારા સંબંધો છે. તેઓ ૧૯૭૮ જનસંઘમાં જોડાયા બાદમાં ભાજપમાં જોડાયા હતાં.૧૯૮૯ નગરપાલિકામાં પ્રથમવાર કાઉન્સિલર બન્યા હતાં. તેઓ ભાજપના પ્રદેશ કારોબારી સભ્ય રહી ચૂક્યા છે.તેઓ પોરબંદરમાં ભાજપના અનેક હોદ્દા પર રહી ચૂક્યા